
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



મહેશભાઈ ડી. રાવલ
(૧૯૫૨) ફોનઃ૨૩૨ ૩૩૦૬૭



રમેશચંદ્ર મફતલાલ શર્મા
(૧૯૫૦) મો.૯૯૦૪૪૯૯૩૯૬

# જમીનોની મોજણી અંગે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રિ-સર્વે મેન્યુઅલનું વિમોચન

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહેસૂલ વિભાગે જમીનોની મોજણી અંગેના ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલા રિ-સર્વે મેન્યુઅલનું આજે વિમોચન કર્યું હતું. જમીનોની મોજણી એ મહેસૂલ વિભાગની પાયાની કામગીરી છે અને મહેસૂલ વિભાગની સમગ્ર ટિમે ભગીરથ પરિશ્રમ કરીને આ રિ-સર્વે મેન્યુઅલ તૈયાર કર્યા છે તે માટે મુખ્યમંત્રીશ્રીએ હાર્દિક અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, મહેસૂલ અગ્રસચિવશ્રી સી. એલ. મીના, સેટલમેન્ટ કમિઁરશ્રી મહેશ જોષી તથા અધિક સચિવશ્રી હેમેન્દ્ર શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત રાજયમાં સમયાંતરે જમીનોની મોજણી કરી -જાને અધ્યતન, ચોક્ક્સ અને સરળતાથી સમજી શકાય તેવું જમીન રેકર્ડ પૂરું પાડવું તે મહેસૂલ વિભાગની પાયાની કામગીરી છે. ગુજરાત રાજયમાં બ્રિટીશ શાસનકાળ દરમ્યાન સને ૧૮૮૦ થી ૧૯૧૫ના સમયગાળામાં વ્યાપક મહેસૂલી સરવે થયેલ. આ સર્વેની કામગીરી જે તે વખતે ઉપલબ્ધ શંકુ, સાંકળ વગેરે સાધનોથી



હાથ ધરવામાં આવેલ હતી અને આ રીતે કરવામાં આવતી જમીન મોજણીની કામગીરીની કેટલીક મર્યાદાઓ પણ હતી. જે તે સમયે આ રીતે કરવામાં આવતી માપણીના માપો કાગળ ઉપર ખેતરવાર નોંધવામાં આવતાં હતાં અને તે આધારે ટીપ્પણ તૈયાર થતાં હતાં. લેવામાં આવેલ માપોની રેડી રેકનરના ઉપયોગથી ગણતરી થતી હતી અને આવી ગણતરી પરથી ગુણાકાર બુકો તૈયાર કરવામાં આવતી હતી. જે આધારે સર્વે નંબર, ક્ષેત્રફળ, ખેતરના કબજેદાર, ખેતરની વિવિધ લાક્ષણિકતા વિગેરે બાબતો ધ્યાને લઈને આકારબંધ તૈયાર કરવામાં આવતો હતો. ગામની જમીન ખેડવાણ, બિનખેડવાણ, પડતર, ખરાબા, ગૌચર, જાહેર હેતુ વગેરે -કારે વર્ગીકૃત કરી ગામનું રેકર્ડ તૈયાર કરવામાં આવતું હતું. આમ, આ એક લાંબી -ક્રિયા કાળજીપૂર્વક હાથ ધરવામાં આવતી હતી. પરંતુ ટેકનોલોજીની મર્યાદાને કારણે તૈયાર થતા રેકર્ડમાં ચોકસાઈનો અભાવ પણ વર્તાતો હતો. હવે અદ્યતન ટેકનોલોજીના સમયમાં રાજયની કિંમતી જમીનોની ચોકસાઈપૂર્વકની માપણી થવી જોઈએ. ગુજરાત રાજયમાં અમલી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની જોગવાઈઓ મુજબ તો આકારણી નવેસરથી ઠરાવવાના હેતુસર દર ત્રીસ વર્ષે જમીનોની પુનઁ મોજણી થવી જોઈએ, પરંતુ રાજયમાં બ્રિટીશ શાસન પછી જિલ્લાવાર વ્યાપક કામગીરી હાથ ધરાયેલ ન હતી. રાજય સરકારે મૂળ સરવે પછી ખેતીની જમીન પર લેવાતા આકારમાં કોઈ વધારો કરેલ નથી અને હવે આ આકાર અથવા મહેસૂલમાંથી -ાઁ થતી રકમ નગણ્ય થતાં સરકારે સને ૧૯૯૭થી ખેતીની જમીન પરથી મહેસૂલ વસૂલ કરવાનું મુલત્વી રાખેલ છે.

# ઓવર લોડીંગ ભારે વાહનો તંત્રની રહેમ નજર હેઠળ બેફામ બન્યા છે

(પ્રતિનિધિ), ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના મંત્રીમંડળના નિવાસસ્થાન પાસેથી પસાર થતા ભારે વાહનોને શહેરના છેવાડાના માર્ગ ઉપર જ પસાર થવા દેવાના સરકારના આગ્રહ પાછળનો હેતુ અકસ્માત નિવારણ અને પ્રદૂષણ દૂર રાખવાનો હતો. જેમાં સૌથી વધુ અમલવારીનો ભોગ ક્વોરી ઉદ્યોગના ભારવાહક વાહનો બન્યા છે. સમયાંતરે આ ભારવાહક વાહનોમાં લઈ જવાતાં જથ્થાને મર્યાદિત કરી ઓવરલોડીંગ કાયદો ઘડી ભારે દંડનાત્મક કાર્યવાહીની તંત્ર દ્વારા ભલામણનો અમલ કરી દેવાયો હતો. પરંતુ આ જ તંત્રની રહેમનજર કે ઉદ્યોગકારોની ઓફરને વશ થઈ ઓવરલોડીંગ ટ્રક મોટી સંખ્યામાં બેફામ દોડી રહી છે અને બનેલા કાયદાનું ખુલ્લેઆમ ચિરહરણ કાયદાના રક્ષકો સમક્ષ જ થઈ રહ્યું છે.

રાજ્યભરમાં બનતા અકસ્માતોમાં મોટાભાગે ટ્રક સૌથી વધુ સામેલ હોવાનું બહાર આવ્યું છે. રાજ્યના માર્ગો હોય કે રાષ્ટ્રના પ્રજાજનોએ માર્ગટેક્ષ ભરવા પાછળ ઉમદા હેતુને પ્રાધાન્ય આપ્યું છે. જેમાં ગુણવત્તાસભર માર્ગ અને સુરક્ષા અને સલામતિભર્યા માર્ગની અપેક્ષા પ્રજાજનોએ રાખી છે.

પરંતુ આ માર્ગોની અવદશા કરવામાં અવ્વલ નંબર ગણાતા ઓવરલોડીંગ ભારવાહક વાહનો સરકારના કાયદાને ઘોળીને પી જઈ બેફામ બન્યા છે. ગાંધીનગરની અંદરથી અને આજુબાજુથી પસાર થતી અસંખ્ય ટ્રક પોલીસની અને જવાબદાર તંત્રની રહેમનજર હેઠળ બેખોફ દોડી રહી છે.

સાબરકાંઠા જિલ્લાના ક્વોરી ઉદ્યોગમાંથી કપચી ભરીને નીકળતી ટ્રકોને મર્યાદિત ક્ષમતામાં માલવહન કરવાની જવાબદારી હોવા છતાં ટ્રકમાલિકો વધુ રળી લેવાની લાલચે ક્ષમતા કરતાં બમણો માલ ભરી ટ્રકને માર્ગ ઉપર ધકેલી દઈ અનેક જાનલેવા સમસ્યાઓ ઉભી કરી રહ્યા છે.

ઓવરલોડીંગ ટ્રકો માટે સરકારે કડક કાયદો ઘડી આ સમસ્યાને ધડમૂળમાંથી ઉખેડી નાખવા આદેશ કરેલો છે. છતાં શરૂઆતના બે માસ સુધી બધુ વ્યવસ્થિત ચાલ્યુ પછી પરિસ્થિતિ જૈસે થે બની ગઈ છે. કેટલાક હપ્તા ખાઉં અધિકારીઓની આવક ઉપર અસર થતાં આમ બન્યું હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે સ્થાનિક પોલીસ અને જિલ્લા હદની પોલીસે ભેગા મળી દર મહિને ટ્રક દીઠ રૂ. ૧૦૦ જેવી રકમ ઉઘરાવી ફોટાવાળા બિલ્લા માસવાર ટ્રકડ્રાયવરોને આપે છે.

આમ સરેઆમ ચાલતી આ ગેરકાનુની પ્રવૃત્તિને સ્થાનિક તંત્ર જ પોષતુ હોય ત્યારે સામાન્ય પ્રજાજન બિચારો લાચાર બની ભષ્ટ્રાચારને ભાંડતો દુઃખી જણાઈ રહ્યો છે.

## સર્વોદયનગરમાં ૪થી જૂનથી શિવકથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૩૦માં આવેલા હોલી ચોક, સર્વોદયનગર ખાતે તા. ૪થી જૂન ૨૦૧૨ થી ૧૦મી જૂન ૨૦૧૨ સુધી દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે શિવમહાપુરાણ કથા યોજવામાં આવશે. સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર શિવકથામાં સર્વે ભકતજનોને પધારવા શિવકથા સમિતિએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# બાળકી પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને ૭ વર્ષની કેદ

## દહેગામની બાળકીને મોર, પોપટ બતાવવાની લાલચ આપી આરોપી ઉઠાવી ગયો હતો

ગાંધીનગર, તા.૩૦

સાત વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૨૯ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ દહેગામમાં રહેતી ૭ વર્ષની બાળકીનું સાબરકાંઠા જિલ્લાના માનપુર ગામના ઈસમ બચસિંહ ઉર્ફે બચુજી રતુજી ચૌહાણે અપહરણ કર્યું હતું. નાની બાળકી રમતી હતી તે વેળાએ મોર અને પોપટ બતાવું તેમ કહી ચોકલેટની લાલચ આપી આરોપી તેણીને જાર કર્મ કરવાના ઈરાદે લઈ ગયો હતો. ત્યારબાદ આરોપી તેણીને તેના માનપુર તથા તેની બહેનના ઘરે અને નરસિંહપુર લઈ ગયો હતો.

આ દરમિયાન આરોપીએ બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. જયારે નરસિંહપુરના જાગૃત નાગરિકો તેમજ ભોગ બનનારના પિતા બાળકીને લઈ આવ્યા હતા. આ અંગે દહેગામ પોલીસ મથકે આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા ફરિયાદપક્ષે કુલ ૨૨ જેટલા સાક્ષીઓ તપાસવામાં આવ્યા હતા. જયારે ભોગ બનનારે આરોપીને મામલતદાર સમક્ષ ઓળખી બતાવ્યો હતો. ડોકટર તેમજ નરસિંહપુરના જાગૃત નાગરિકોની જુબાની પણ ધ્યાને લેવામાં આવી હતી. સરકારી વકીલ પ્રિતેશ ડી. વ્યાસે કોર્ટ સમક્ષ દલીલ કરતા જણાવ્યું હતું કે સમાજમાં નાની કુમળી વયની બાળકી પર બળાત્કારના કિસ્સા વધી રહ્યા છે. આરોપી વિકૃત મગજ ધરાવે છે. નાની બાળકી પર બળાત્કાર કરી ઈજા પહોંચાડી છે. સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીને કડકમાં કડક છેલ્લા શ્વાસ સુધીની સજા કરવા દલીલ કરી હતી. જે દલીલોને ધ્યાને લઈ સેસન્સ કોર્ટના જજ એસ.કે. બક્ષીએ આરોપીને આજીવન કેદની સજા તેમજ રૂ. ૧૦હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

## શબ્દાવલી - ૪૭૪૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | ૪ | ૫ | ■ |
| ૬ | | | ■ | ૭ | | | ૮ |
| | ■ | | ■ | ૯ | | ■ | |
| ■ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ૧૨ | |
| ૧૩ | | | | ■ | ૧૪ | | |
| ■ | | ■ | ૧૫ | | ■ | | ■ |
| ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | | ■ | ૨૦ | | | |

### આડી ચાવી

૧. પાલનકર્તા, પાલના આપનાર (૫)
૬. સ્થિતિ, હાલ (૩)
૭. કચકચ, બડબડ (૪)
૯. ખરલ, વાટવાનું સાધન (૨)
૧૧. ઓવારો, આરો (૨)
૧૨. સબ્જી, બકાલુ (૨)
૧૩. એક જગ્યાએથી બીજી જગ્યાએ વસ્તુ મોકલવા તૈયાર કરાતું પેકેટ (૪)
૧૪. પ્રપંચ, કાવતરૂ (૩)
૧૫. ટેબલ (૨)
૧૬. અવાજ, ઘોંઘાટ (૪)
૧૮. ચીભડાની ચીપ્સ કરીને સુકવણી કરે તે (૩)
૨૦. એક જાતનો અઘોરી બાવો (૪)

### ઊભી ચાવી

૧. મોકો, સારી તક (૩)
૨. પાપ કર્મ (૩)
૩. ટીખળી (૪)
૪. હાક, બોલાવવા મોટી બૂમ પાડે તે (૩)
૫. જીદ્દ, એક વાતની હઠ (૨)
૮. માપોમાપ, જરા પણ વધારે નહીં (૪)
૧૦. મૂળિયાનું એક અથાણું (૪)
૧૧. ઉચાપત, આછુંપાછું (૪)
૧૨. માછલીની એક જાત (૫)
૧૬. દુઃખની લાગણી (૨)
૧૭. વાંક (૨)
૧૮. ચીરા (૨)
૧૯. લીકેજ, .... થવું (૨)

### શબ્દાવલી ૪૭૪૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉસુલ (૩) મખમલ (૬) ણપ (૭) શપથ (૮) પર્ણ (૯) શૉક (૧૦) રાવ (૧૨) ખાઉધરૂ (૧૪) વહી (૧૬) તક (૧૭) નેટીવ (૧૮) પતરા (૨૦) પશ (૨૧) જરાય (૨૨) નાનક (૨૪) પણ (૨૫) હલર

**ઊભી ચાવી :-** (૧) ઉણપ (૨) સુપર્ણખા (૩) મશકરૂ (૪) ખપ (૫) મથરાવટી (૯) શોધક (૧૧) વહીવટી (૧૩) ઉત્તરાયણ (૧૫) ઉપજ (૧૭) નેશનલ (૧૯) તરાપ (૨૦) પનાહ (૨૩) કર

# ચિલોડા મોટા ખાતે કૃષિ મહોત્સવ ૨૦૧૨ અંતર્ગત કૃષિરથનું ઉષ્માભર્યું સ્વાગત

ચિલોડા, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ગાંધીનગર તાલુકાના ચિલોડા (ડ) ગામના



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મુખ્યચોકમાં તા. ૨૯મી મે ના રોજ સવારે કૃષિરથનું ગામની બાળાઓ દ્વારા માથે બેડા લઈ વાજતે ગાજતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ચિલોડા-ઈસનપુર તાલુકાની સીટના ગામના સરપંચ, તલાટી કમ મંત્રી, ગ્રામસેવકો તથા પ્રગતિશીલ ખેડૂતો ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે તાલુકા સદસ્ય અંજનાબેન પટેલે બાળાઓને સ્ટીલના ગ્લાસ આપી પ્રોત્સાહિત કર્યા હતાં. આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિક તથા તજજ્ઞ શ્રી વસંતભાઈ પટેલ, નાયબ ખેતીવાડી નિયામક શ્રી કે.ટી. પટેલ, લાયઝન અધિકારી શ્રીમતી કાપડીયા બહેન, ચિલોડા વિભાગના વિસ્તરણ અધિકારી શ્રી મગનભાઈ ડી. વણકર તેમજ રથ સાથે અધિકારી ગણ, કર્મચારીઓ, ખેડૂતમિત્રો ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે ગાંધીનગર મત વિભાગના ધારાસભ્યશ્રી માન. શંભુજી ઠાકોર, રમેશભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ વગેરે અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ગામના ત્રણ પ્રગતિશીલ ખેડૂતો બકાભાઈ પટેલ, રમણભાઈ પટેલ તથા નટુભાઈ પટેલ જેઓએ ખેત-દૂધ ઉત્પાદનમાં અગ્રેસર રહેતા પશુપાલકો તથા ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચિલોડા ચોકમાં પશુ કેમ્પ, આરોગ્યકેમ્પ બેટી બચાવો, નાટકની રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ખેતી અંગે વૈજ્ઞાનિક પધ્ધતિ તેમજ પશુપાલન અંગેની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન તજજ્ઞો દ્વારા પુરી પાડવામાં આવી હતી.

આ કૃષિ મહોત્સવને સફળ બનાવવા ચિલોડા ગામના યુવા સરપંચશ્રી સવાજી ઠાકોર ડેપ્યુટી સરપંચ જગદીશભાઈ પટેલ તથા વિવિધ સંસ્થાના હોદ્દેદારોના સહયોગથી કૃષિરથનું ભવ્ય આયોજન સફળ બનાવવામાં અભિનંદનને પાત્ર બન્યા હતાં. અંતમાં કાર્યક્રમનું સફળ સંચાલન તથા આયોજન કરવામાં વિસ્તરણ અધિકારી શ્રી મગનભાઈ વણકર ગ્રામજનોનો આભાર વ્યકત કરી સંતોષ માન્યો હતો.



# સમાચાર ઝલક

- ગુજરાત વિધાનસભા ૨૦૧૨ની ચૂંટણી ડિસેમ્બરના બીજા સપ્તાહમાં બે તબક્કાઓમાં યોજાશે, રૂા. ૧૨૦ કરોડનો અંદાજિત ખર્ચ થશે, તંત્રની પૂરજોશમાં તૈયારીઓ.
- લશ્કરે તોઇબા આતંકવાદી સંગઠનનાં કમાંડર લકવી વિરૂધ્ધ પુરતાં પૂરાવા.
- રાજકોટ મહાનગર પાલિકાના વિરોધપક્ષનાં નેતા ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં : પોલીસે ધરપકડ કરી.
- કાશ્મીરમાં સી.આર.પી.એફ કેમ્પ પર આતંકવાદી હુમલો : ૭ જવાનોની હાલત ગંભીર.
- ચાર સહકારી જિલ્લા બેંકો સુરેન્દ્રનગર, કચ્છ, જૂનાગઢ અને વડોદરાની ૮૪ કરોડની ચૂકવણી કરતાં લાયસન્સ ચાલુ રખાયા.
- ગેરકાયદેસર કતલખાના બંધ કરાવવા સૂરતમાં જૈન મુનિ મૈત્રી પ્રભસાગરજીના આમરણાંત ઉપવાસ, મહિધરપુરા બંધ, જૈનોની વિશાળ રેલી.
- તા. ૩૧મી મે નો દિવસ વિશ્વ તમાકુ દિવસ મનાવાશે : ૨૫ વર્ષની ઉજવાય છે.
- ડીસામાં રાજપુર મઠ ખાતે ધાર્મિક મહોત્સવને લઇને અનેરો ધાર્મિક ઉત્સાહ.
- ૬ માસના રડતાં ભાઇને ચૂપ કરવા ૩ વર્ષના ભાઇએ છરી ઝીંકતા મોત : ટ્રેકટર નીચે છૂપાવવા જતાં પોતે ય ચકદાયો.
- વાહ ભૈ વાહ! પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી મમતા બેનર્જીની સાદગી જોવા જેવી છે, કપડાં પણ જાતે ધોવે છે, રસોઇ પણ જાતે બનાવે છે, ઘરકામમાં શરમ શેની? : મમતાજી
- વીજળી દરોમાં બે-ત્રણ દિવસમાં તોળાતો ભાવવધારો.
- પેટ્રોલના ભાવ વધારાની પૂજ્ય મોરારિબાપુએ ફેસબુક એકાઉન્ટ દ્વારા ટીકા કરી.
- આઇ.પી.એલ-૫ માં ગુજરાતી ખેલાડીઓ ચમક્યા નહીં.
- અરબી સમુદ્રમાં ચોમાસુ સક્રિય ન થતાં ગુજરાતમાં ચોમાસુ વિલંબમાં : ચિંતાના વાદળો ઘેરાયા.
- તા. ૩૧મી મે ના રોજ પેટ્રોલનાં ભાવવધારાના વિરોધમાં ભારત બંધનું એલાન : ગુજરાત ભાજપ જાહેર કર્યું સમર્થન.

# અતિ પછાત જ્ઞાતિઓનાં સર્વાંગી વિકાસ માટે ફેડરેશનની રચના

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જ્ઞાતિઓનો હજુ વિકાસ થયો નથી. હજુ વધુ પછાત રહેલ છે. આ બાબતે ચિંતિત એવા જ્ઞાતિના અગ્રણીઓએ મનોમંથન કરવા માટે તા. ૨૭મી મેના રોજ શ્રી આર. એન. જાદવ (આઈ.એ.એસ)નાં અધ્યક્ષ સ્થાને એક મીટીંગ મળી હતી. જેમાં ગરો, ગુરુબ્રાહ્મણ, તુરી-બારોટ, સાધુ-બાવા, સેનમા, રાવત, નાડિયા-હાડી, માતંગ જેવી જ્ઞાતિના આગેવાનો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજનાં પ્રમુખ અને ડે. કમિશ્નર ઈન્કમટેક્સ (નિવૃત્ત) શ્રી બી. કે. શ્રીમાળી એ મહાસંઘ રચવાની જરૂરિયાત અંગે વિસ્તૃત સમજ આપી હતી. આ પછાત જ્ઞાતિમાં શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસ કેવી રીતે થાય તેવી ચર્ચા કરવામાં આવી હતી. આ સભામાં શ્રી અરૂણભાઈ સાધુ (પાટણ), શ્રી પ્રવિણભાઈ બી. શ્રીમાળી (ગાંધીનગર), લવજીભાઈ સેનામા (ઊંઝા), શ્રી મેઘજીભાઈ વાંઝા, શ્રી ઈશ્વરભાઈ થોરી, શ્રી જયંતિભાઈ કે. બારોટ, કમલેશભાઈ બારોટ, ચંદ્રકાન્ત જાદવ વગેરે ચર્ચામાં ભાગ લીધો હતો.

શ્રી આર. એમ. જાદવે ફેડરેશનની રચના અંગે અને સમાજ માટે કંઈક કરી શકાશે તેવી આશા વ્યક્ત કરી હતી. ફેડરેશનના કાર્યાલય મંત્રી તરીકે શ્રી હરજીવનદાસ પી. પંડ્યાની વરણી કરવામાં આવી હતી. રૂા. ૧૨,૫૦૦૦ નો ફાળો એકત્ર થયો હતો. શ્રી પ્રવિણભાઈ શ્રીમાળીએ આભાર વ્યક્ત કર્યો હતો.

# સેકટર-૭ના આયુર્વૈદિક દવાખાને દર માસના બીજા શનિવારે યોજાતો ડાયાબિટીસ કેમ્પ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં દર માસના બીજા શનિવારે આયુર્વૈદિક ડાયાબિટીશ કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેનો ગાંધીનગર જિલ્લાના અને શહેરના તથા આસપાસના ગામડાના ડાયાબિટીશના દર્દીઓ લાભ મેળવે છે.

આર્યુવૈદિક દવાખાનું, સેકટ-૭, ગાંધીનગર ખાતે દર મહિનાના બીજા શનિવારે ડાયાબિટીશ કેમ્પ ડૉ. રાકેશ ભટ્ટ દ્વારા યોજવામાં આવે છે. આ કેમ્પમાં ડાયાબિટીશના દર્દીઓને ચેક કરીને આયુર્વૈદિક ઉપચારથી દવા અને સારવાર આપવામાં આવે છે. જેનો લાભ દર્દીઓ મેળવે છે.

ખાસ કરીને ગાંધીનગરના આસપાસના ગામડાના લોકો આ કેમ્પનો મોટા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. શહેર પેન્શનર્સ સમાજના વડીલો પણ તેનો લાભ મેળવે છે. પેન્શનર્સ સમાજના સભ્ય જિતેન્દ્ર પુરોહિતે જણાવ્યું છે કે, 'રાકેશભાઈ ભટ્ટ દ્વારા આયુર્વૈદ ઔષધિ ડાયાબિટીશના દર્દીને આપવામાં આવે છે. યોગ્ય પરેજી પાળવામાં આવે અને નિયમિત ઔષધનું સેવન કરવામાં આવે તો ચોકકસ ડાયાબિટીશને કાબુમાં લઈ દર્દને મટાડી શકાય છે.' સમગ્ર મધુપ્રમેહ કેમ્પનો લાભ સૌ જરૂરીયાતમંદો લે તેવી તેમના દ્વારા અપીલ કરવામાં આવી છે.